**આંક– ૧૪**

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૧૪/૨૦૨૪**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૭૨/૨૦૨૦**

**અરજદાર** : ગુ.રા.મા.વા.વ્ય.નિગમ વિભાગીય કચેરી અમદાવાદ,
હબ ટાઉન બસ–પોર્ટ, ટર્મિનલ–૧, ડી–બ્લોક,
પ્રથમ માળ, ગીતા મંદીર.૩૮૦૦૨૨
મુ.અમદાવાદ,તા.અમદાવાદ,જી.અમદાવાદ

**વિરૂધ્ધ,**

**સામાવાળા** : શ્રી મિતલબેન વેલજીભાઈ ચૌધરી,
હોદો–કંડકટર, બેજ નં. ૮૦૦ (કાયમી),
ગાંધીનગર ડેપો,
મુ.હિમંતપુર, પો. લાકરોડા
તા.માણસા, જી. ગાંધીનગર, પીન નં.૩૮૨૮૪૫

**હાજર રહયા:–**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.સી. નાયડુ.
સામાવાળા તરફે : ગેરહાજર.

**બાબત:–**ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

**<u>-: ચુકા દો :-</u>**

**૧.** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેને હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખેલ છે) ની કલમ–૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂઘ્ધ દાખલ કરી સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની સંસ્થામા સામાવાળા કંડકટર તરીકે એસ.ટી. ડેપો ગાંધીનગર ખાતે નોકરી કરે છે. અરજદારે સામાવાળાને તહોમતપત્ર નં. ૫૪/૨૦૨૩ તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજનું આપેલ છે. ઉપરોકત તહોમતપત્ર અન્વયે સામાવાળા સામે ખાતાકીય તપાસ કરવામાં આવેલી. જે કાયદેસરની, સેવાકીય નિયમો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની હતી અને તે બાબતમાં તા.૩૦/૧૧/૨૦૨૩ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. આ બાબતે સામાવાળા તરફથી લેખિત જવાબ આપવામાં આવેલ નથી. જે ધ્યાને લઇ સામાવાળા સામે તા.૩૧/૦૧/૨૦૨૪ નો બરતરફ કરવાનો હુકમ પસાર કરવામાં આવેલ. અરજદાર વધુમાં જણાવે છે કે સામાવાળા સામે કરવામાં આવેલ ઉપરોકત હુકમ ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનો છે અને તે હુકમ તેઓની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર અને સેવાકીય નિયમો અનુસાર તપાસ બાદ કરવામાં આવેલ છે. ઉપરોકત કાર્યવાહીના તમામ કાગળો અરજી સાથે જુદા લીસ્ટથી સામેલ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ઔધોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઇ.ટી.) નં. ૭૨/૨૦૨૦ સુનાવણી માટે પડતર છે અને સામાવાળા તે કાર્યવાહીમાં સંબંધિત કામદાર છે અને જેથી આ અરજી

ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (૨)(બી) અન્વયે સંમતિ મેળવવા કરવાની જરુર પડેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાને બરતરફ કરવાના હુકમ સમયે કલમ ૩૩(૨)(બી) અન્વયે એક માસના પગારની રકમ આપવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે ઉપર જણાવ્યા મુજબ અરજદારે લીધેલ છુટા/બરતરફ કરવાનું પગલું ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનું હોય તે સંમતિ મેળવવા માટે પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની છે. આમ છતાં ન્યાયપંચ એવા તારણ ઉપર આવે કે તપાસ કાયદેસરની નથી અને/અથવા ક્ષતિપુર્વકની છે તો તેવા સંજોગોમાં અરજદારે સામાવાળાને આપવામાં આવેલ તહોમતપત્ર અંગે ન્યાયપંચ સમક્ષ યોગ્ય પુરાવા લઈ તે પુરવાર કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

અરજદાર તરફે આંક-૨ ના લીસ્ટથી રીપોર્ટરના રીપોર્ટની નકલ, હાજરીપત્રક, તહોમતપત્રની નકલ તથા આર.પી.એ.ડી.ની પહોચ, રૂબરૂ સુનાવણીના પત્રો તથા રૂબરૂ સુનાવણી, કારણદર્શક નોટીસ તથા આર.પી.એ.ડી.ની પહોચ, ડીફોલ્ટ કાર્ડ, આખરી તારણ, બરતરફનો હુકમ, બરતરફના હુકમની આર.પી.એ.ડી. પહોચ તથા નોટીસ પગાર ચુકવ્યાની પહોચની નકલ રજુ થયેલ છે.

**૩.** સામાવાળાને ધોરણસરની જવાબ-સુનાવણીની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. સામાવાળાને નોટીસની બજવણી થતી ન હોઈ અરજદાર તરફે આંક-૬ થી હાથોહાથ નોટીસની બજવણી કરવા અરજી કરવામાં આવેલ. જે મંજુર થતા રૂબરૂ બજવણી માટે નોટીસ

ઈસ્યુ કરવામાં આવેલ. અરજદાર તરફે આંક–૭ થી હાથોહાથ બજવણી કરેલ નોટીસને અંકે પાડવા અરજી કરવામાં આવેલ. જે મંજુર કરી સદર બજવણી થયેલ નોટીસને આંક–૮ આપવામાં આવેલ. નોટીસ બજવા છતાં, સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે જવાબ રજુ કરવામાં ન આવતા આંક–૯ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૪.** અરજદાર તરફે આંક–૧૦ થી શ્રી હાર્દીકભાઇ પી. રાવલ,ડેપો મેનેજરશ્રી, ગાંધીનગરનાઓનું સોગંદનામું રજુ થયેલ છે. સામાવાળા તરફે ઉલટતપાસ કરવા કોઈ હાજર ન રહેતા આંક–૧૧ ની અરજી ઉપર હુકમ સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૫.** અરજદાર તરફે આંક–૧૨ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં ન આવતા આંક–૧૩ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો સાક્ષી–પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૬.** આ કામના અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી, સામાવાળા તરફે કોઈ હાજર ન રહે તા આ કામ ન્યાયના હિતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**૭.** સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી કે અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર સાક્ષીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં સામાવાળા ધ્વારા અરજદારની અરજીની હકીક્તોને પડકારવામાં આવેલ ન હોય કે સાક્ષીની

ઉલટતપાસ કરવામાં આવેલ ન હોઈ, અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો તેમજ અરજદાર સાક્ષીએ સોગંદનામામાં જણાવેલ હકીક્તો ન માનવાને કોઈ કારણ રહેતું નથી. અરજદારની અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદારે સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફીના હુકમ સમયે ધી આઈ.ડી.એકટની કલમ–૩૩(૨)(બી)ની આજ્ઞાત્મક જોગવાઈઓનું અક્ષરસહ પાલન કરેલ હોવાનું પ્રથમ દષ્ટિએ જણાઈ આવતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) અરજદારની એપ્રુવલ અરજી નં. ૧૪/૨૦૨૪ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને આથી બહાલી આપવામાં આવે છે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૬–૦૪–૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી